CC.no. 2120/2010

# <u>ફોર્મ–એ</u>

सत्यमेव जयते

GJAH100010622010

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૩૦/૧૧/૨૦૧૦ | | |
| રજીસ્ટરે લીધા તારીખ | ૩૦/૧૧/૨૦૧૦ | | |
| કેંસલ તારીખ | ૧૮/૦૩/૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૧૫ | ૩ | ૧૮ |

**વિરમગામના મહે. એડીશનલ ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ (શ્રી આર.બી.મારફતિયા) સાહેબશ્રીની કોર્ટમાં, તા.વિરમગામ, જી.અમદાવાદ.**

**ક્રીમીનલ કેસ નં. ૨૧૨૦/૨૦૧૦**

**આંકઃ– ૯૨**

**(F.I.R. ની વિગત/ગુનો અને પોલીસ સ્ટેશન)**
**વિરમગામ ટાઉન પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૩૭/૨૦૧૦**
**ગુનોઃ– ઇ.પી.કો.કલમ–૩૨૬, ૩૨૫,૧૧૪ મુજબ**
**પોલીસ સ્ટેશનઃ વિરમગામ ટાઉન પોલીસ સ્ટેશન.**

| | |
|---|---|
| ફરીયાદી | શ્રી સરકાર |
| વિ.મ.સ.વ. મારફતે | વિદ્વાન એ.પી.પી.શ્રી એમ.એ.ધાસુરા. |
| આરોપીઓ | (૧) ગપાભાઇ લક્ષ્મણભાઇ ભરવાડ,<br>(૨) કાનાભાઇ સોડાભાઇ ભરવાડ (એબેટ), |

| | |
|---|---|
| | (૩) વિક્રમભાઇ કાનાભાઇ ભરવાડ,<br>તમામ રહે. મુનસર રોડ, જુના દાણાપીઠા, વિરમગામ. |
| આરોપીઓ તર્ફે | વિ.વ.શ્રી. એસ.કે.બારોટ |

## <u>ફોર્મ–બી</u>

| | |
|---|---|
| ગુનો બન્યાની તારીખ | ૨૪/૦૬/૨૦૧૦ |
| ફરીયાદની તારીખ | ૨૪/૦૬/૨૦૧૦ |
| ચાર્જશીટની તારીખ | ૩૦/૧૧/૨૦૧૦ |
| તહોમત ફરમાવ્યાની તારીખ | ૨૩/૦૯/૨૦૧૧ |
| પુરાવો શરૂ કર્યાની કર્યાની તારીખ | ૦૯/૧૨/૨૦૧૩ |
| ચુકાદો સંરક્ષિત રાખ્યાની તારીખ | ૧૭/૦૨/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૮/૦૩/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ | – |

## <u>આરોપીઓની વિગતઃ–</u>

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની તારીખ | કયા ગુનાનો આક્ષેપ છે? | નિર્દોષ છોડવામાં આવ્યો કે કસુરવાર | શું સજા કરી | **CRPC** ની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કેદી તરીકે રહેલા છે |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ગયાભાઇ લક્ષ્મણભાઇ ભરવાડ | ૦૧/૦૭/૨૦૧૦ | ૦૯/૦૭/૨૦૧૦ | ઇ.પી.કો.કલમ–૩૨૬,૩૨૫,૧૧૪ મુજબ | નિર્દોષ ઠરાવવામા આવેલ છે. | – | ધરપકડ તારીખથી જામીન મુકત તારીખ સુધી |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૨. | કાનાભાઇ સોડાભાઇ ભરવાડ | ૦૧/૦૭/૨૦૧૦ | ૦૯/૦૭/૨૦૧૦ | ઇ.પી.કો.કલમ–૩૨૬,૩૨૫,૧૧૪ મુજબ | નિર્દોષ ઠરાવવામા આવેલ છે. | – | ધરપકડ તારીખથી જામીન મુકત તારીખ સુધી |
| ૩. | વિક્રમભાઇ કાનાભાઇ ભરવાડ | ૦૧/૦૭/૨૦૧૦ | ૦૯/૦૭/૨૦૧૦ | ઇ.પી.કો.કલમ–૩૨૬,૩૨૫,૧૧૪ મુજબ | નિર્દોષ ઠરાવવામા આવેલ છે. | – | ધરપકડ તારીખથી જામીન મુકત તારીખ સુધી |

## <u>ફોર્મ–સી</u>

## <u>ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લિસ્ટઃ</u>

| અનુ. નં. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧. | ૧૭ | ઇમરાનભાઇ અલ્લાઉદ્દીનભાઇ બેલીમની સોગંદ પરની જુબાની | સાહેદ |
| ૨. | ૩૨ | મકબુલશા અલીશા ફકીરની સોગંદ પરની જુબાની | પંચ સાહેદ |
| ૩. | ૩૪ | રફીકભાઇ અનવરભાઇ સીપાઇની સોગંદ પરની જુબાની | પંચ સાહેદ |
| ૪. | ૪૦ | યોગેશ ભરતભાઇ સોલંકીની સોગંદ પરની જુબાની | પંચ સાહેદ |
| ૫. | ૫૫ | ચિરાગભાઇ રમેશભાઇ કોળી પટેલની સોગંદ પરની જુબાની | સાહેદ |
| ૬. | ૫૬ | આશીબેન ઉર્ફે યાસ્મીનાબાનુ ચૌહાણની સોગંદ પરની જુબાની | સાહેદ |
| ૭. | ૬૦ | મીનાબેન સુરેશભાઇ કોળી પટેલની સોગંદ પરની જુબાની | સાહેદ |
| ૮. | ૬૪ | લાલાભાઇ મેરૂભાઇ ઠાકોરની સોગંદ પરની જુબાની | સાહેદ |
| ૯. | ૭૧ | ર્ડા.પ્રકાશ શ્રી ગોપાલ સારડાની સોગંદ પરની જુબાની | તબીબ સાહેદ |
| ૧૦. | ૭૭ | આર.એમ.સરોદેની સોગંદ પરની જુબાની | ત.ક.અ.સાહેદ |

## <u>ફરીયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના આંકે પડેલ દસ્તાવેજોઃ–</u>

| અનુ. નં. | આંક | વર્ણન |
|---|---|---|
| ૧. | ૩૩ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ |
| ૨. | ૪૧ | હથિયાર કબજે કર્યા અંગેનું પંચનામુ |
| ૩. | ૭૨ | મેડીકલ સર્ટીફીકેટ |

## **ફોર્મ–ડી**

### **મુદ્દામાલઃ–**

| અનુ.નં. | મુદ્દામાલ | વર્ણન |
|---|---|---|
| ૧. | (૧) | એક ધારીયુ વાસના હાથામાં ફીટ કેરલ છે. જે હાથાની લંબાઇ આશરે સાડા ચાર ફુટ તેમજ લોખંડના ધારીયાના ફળાની લંબાઇ અગિયાર ઇંચ આવેલી છે. જેની ચાચ ભાગેલ છે. |
| | (૨) | એક લાકડાની દંતાળી જેના હાથાની લંબાઇ પોણા પાંચ ફુટ દંતાળીની લંબાઇ આશરે દોઢ ફુટના અરસાની જેમાં પાંચ દાન આવેલ. |
| | (૩) | એક વાસની લાકડી જેની આઠ ગાંઠો તથા આઠ કાતરી આવેલ છે. જેની લંબાઇ આશરે સાડા ચાર ફુટની આવેલ છે. |

## **–:જ જ મે ન્ટ:–**

**ગુનો :– ઇન્ડીયન પીનલ કોડ કલમ –૩૨૬,૩૨૫,૧૧૪ મુજબ.**

(૧) આ કામે ફરીયાદપક્ષની ટૂંકમા હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા.૨૪/૦૬/૨૦૧૦ ના કલાક ૧૨:૩૦ વાગ્યે મોજે વિરમગામ ટાઉન મુનસર કબ્રસ્તાન નજીક ફરીયાદીનો દીકરો સાહેદ ઇમરાન કબ્રસ્તાનમાં ફુલ ચઢાવીને મોટરસાયકલ લઇ બહાર નીકળતો હતો તે વખતે કહેલ કે, તુ અહીંયા કેમ નીકળ્યો, તેમ કહી ઉશ્કેરાઇ જઇ આરોપી નં.૧ નાએ

સાહેદ ઇમરાનને જમણા પગે લાકડીથી મુઢ માર મારી ઈજા કરી તથા આરોપી નં.૨ નાએ દંતાળીથી જમણા પગે ઈજા કરી ફ્રેકચર કરી તથા આરોપી નં.૩ ધારીયા વડે માથામાં જમણી બાજુ માર મારી લોહીની કુટ કરી ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરી ગુનો કરી, આરોપીઓએ ઇન્ડીયન પીનલ કોડની કલમ ૩૨૬, ૩૨૫, ૧૧૪ મુજબનો ગુનો કરેલ હોવાની ફરીયાદ આ કામે વિરમગામ ટાઉન પોલીસ સ્ટેશનમાં આપતાં તે અંગેની તપાસ આ કામના તપાસ કરનાર અમલદારે કરેલ અને તપાસના અંતે પુરતો પુરાવો મળી આવતાં આરોપીઓ સામે હાલનું ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

(૨) આ કામે ચાર્જશીટ આવતાં આ કામે મારા પુરોગામી અધીકારી શ્રીએ સદર કામે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૧૯૦(૧)(બી) મુજબ આરોપીઓ સામે આક્ષેપાયેલ ગુનાનું કોગ્નીજન્સ લીધેલ છે. ત્યારબાદ આ કામે આરોપીઓને સમન્સ કરવામાં આવતાં તે બજી જતાં આરોપીઓ અત્રેની કોર્ટ સમક્ષ હાજર થયેલ છે. આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૭ મુજબ પોલીસ તપાસનાં કાગળો આપ્યા અંગેની ખરાઇ કર્યા બાદ તેઓને ગુના અંગે પુછપરછ કરતાં તેઓએ ગુનાનો ઇન્કાર કરેલ છે. જેથી આંક– ૦૪ થી તહોમતનામુ ધડવામાં આવેલ છે. અને આરોપીઓએ ગુનાનો ઇનકાર કરતાં આંક– ૦૫ થી આંક–૦૭ સુધીની આરોપીઓની પ્લી નોંધવામાં આવેલ છે. અને ત્યારબાદ આ કામ ગુણદોષ પર આગળ ચલાવેલ છે.

સદર કામે આરોપી નં. ૨ કાનાભાઇ સોડાભાઇ ભરવાડ મરણ ગયેલ હોય, સદર કામે તેઓનુ મરણનુ પ્રમાણપત્ર માર્ક ૪૭/૧ થી રજુ કરવામાં આવેલ હોય, આરોપી નં. ૨ કાનાભાઇ સોડાભાઇ ભરવાડ સામેનો કેસ એબેટ કરી ફેસલ કરવાનો હુકમ તા.૩/૮/૨૦૧૯ ના રોજ કરવામાં આવેલ છે.

(૩) આ કામે ફરીયાદપક્ષે આરોપીઓ સામેનો કેસ સાબિત કરવા માટે નીચે મુજબનાં લેખીત તેમજ મૌખીક પુરાવાઓ રજુ કરેલ છે.

**<u>મૌખીક પુરાવાઓઃ–</u>**

| | | |
|---|---|---|
| (૧) | આંક–૧૭ | થી સાહેદ ઇમરાનભાઇ અલ્લાઉદ્દીનભાઇ બેલીમની જુબાની. |
| (૨) | આંક–૩૨ | થી પંચ સાહેદ મકબુલશા અલીશા ફકીરની જુબાની. |
| (૩) | આંક–૩૪ | થી પંચ સાહેદ રફીકભાઇ અનવરભાઇ સીપાઇની જુબાની. |
| (૪) | આંક– ૪૦ | થી પંચ સાહેદ યોગેશ ભરતભાઇ સોલંકીની જુબાની. |
| (૫) | આંક–૫૫ | થી સાહેદ ચિરાગભાઇ રમેશભાઇ કોળી પટેલની જુબાની. |
| (૬) | આંક– ૫૬ | થી સાહેદ આશીબેન ઉર્ફે યાસ્મીનાબાનુ ચૌહાણની જુબાની. |
| (૭) | આંક–૬૦ | થી સાહેદ મીનાબેન સુરેશભાઇ કોળી પટેલની જુબાની. |
| (૮) | આંક–૬૪ | થી સાહેદ લાલાભાઇ મેરૂભાઇ ઠાકોરની જુબાની. |
| (૯) | આંક–૭૧ | થી તબીબ સાહેદ ર્ડા.પ્રકાશ શ્રી ગોપાલ સારડાની જુબાની. |
| (૧૦) | આંક–૭૭ | થી ત.ક.અ. સાહેદ આર.એમ.સરોદેની જુબાની. |

**<u>લેખીત પુરાવાઓઃ–</u>**

| | | |
|---|---|---|
| (૧) | આંક–૩૩ | થી ગુનાવાળી જગ્યાનું પંચનામુ |
| (૨) | આંક–૪૧ | થી હથિયાર કબજે કર્યા અંગેનું પંચનામુ |
| (૩) | આંક–૭૨ | થી મેડીકલ સર્ટીફીકેટ. |

(૪) ત્યારબાદ આ કામે આરોપીઓનું વિષેશ નિવેદન નોંધવા જેટલો પુરાવો રેકર્ડ પર આવતો હોવાથી આ કામે આરોપીઓનુ વિષેશ નિવેદન નોંધવામાં આવેલ છે.જેમાં તેઓએ તમામ હકીકતોનો ઇનકાર કરેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, આ કામમાં તેઓને તેમની સાથે જુની અદાવત હોઇ તેઓ બાઇક ઉપરની લાકડી પડી જતાં માથામાં પત્થર વાગતાં ઇજા થયેલ છે. પગમાં આગળનો સળીયો વાગતા ઇજા થયેલ. આ તમામ ઇજા પડી જવાથી થવા છતાં તેઓ ઉપર જુની અદાવત ની દાઝ રાખીને તેમના જુના દાવામાં તેઓ નડતર રૂપ થતાં હોઇ આ ફરીયાદ કરેલ છે. હકીકતમાં, આવો કોઇ બનાવ બનેલ નથી. તે પોતે પડી ગયેલ તે પોતે તથા તેના સાહેદ પણ કબુલ કરેલ છે તો યોગ્ય કરવા વિનંતી કરેલ છે. તેમજ તેઓને બચાવના સાક્ષી તપાસવા ન હોવાની હકીકત જણાવેલ છે તેમજ તેઓને સોગંદ ઉપર જુબાની આપવી ન હોવાની હકીકત જણાવેલ છે. તેમજ ત્યારબાદ સદર કામ દલીલો માટે રાખેલ છે.

(૫) ત્યારબાદ આ કામે બંને પક્ષકાર તરફે દલીલો સાંભળવામાં આવેલ છે. જેમાં ફરીયાદપક્ષે વિ. એ.પી.પી.શ્રી એ રજુઆત કરેલ છે કે, આ કામે આરોપીઓ સામે ગુનો સાબિત થયેલ હોઇ તેઓને યોગ્ય નશ્યત કરવી જોઇએ.

ત્યારબાદ આરોપીઓ તરફે વિ.વ.શ્રી એ હાજર થઇ પોતાની રજુઆત કરેલ છે જેમાં મહદઅંશે તેઓએ જણાવેલ છે કે, આરોપીઓ સામે ગુનો સાબિત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ રહેલ છે. તેમજ આ કામે સાહેદોને તથા પંચ સાહેદોને તપાસવામાં આવેલ છે. પરંતુ તેઓ ફરીયાદપક્ષની હકીકતોને તથા પંચનામાની હકીકતને સમર્થન કરતાં નથી. જેથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે. તેમજ તેઓએ તેમની આંક–૮૯ થી લેખીત દલીલો રજુ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, આ કામે ગુનાવાળી જગ્યા સ્પષ્ટ થતી નથી અને હથિયારો સાબીત થતા નથી કોઇ સાહેદ કે પંચ સપોર્ટ કરતા નથી અને

સારવાર કરનાર ડોકટર પણ પડવાથી ઈજા થયાનું કબુલ કરેલ છે તથા ઈજા પામનાર પોતે પણ લાકડી બજારમાં પડવાનું કબુલ કરેલ છે અને ઈજા પામનારને સોગંદ ઉપર જુબાની દરમ્યાન પ્રથમ હોસ્ટાઈલ ડીકલેર કરવામાં આવેલ. આમ કોઈપણ પંચસાહેદોનું આ કામે પ્રોસીકયુશન અને સપોર્ટ ના હોય ડોકટરી સપોર્ટ ના હોય ફ્રેકચર થયાંનુ સાબીત થતુ ના હોય ફ્રેકચર ના કોઈ પુરાવા રજુ થયેલ ના હોય ફકત હોટસ્ટાઈલ ઈજા પામનારને માની શકાય તેમ ના હોય આ કામે ફરીયાદપક્ષ પોતાનો કેસ સાબીત કરવામાં તદ્દન નિષ્ફળ નીવડેલ હોય આ કામમાં આરોપીઓ નિર્દોષ હોય નિર્દોષ ઠરાવી છોડી મુકવા આ લેખીત દલીલોથી અરજ ગુજારેલ છે.

**(૬)** આ કામે મારા ન્યાયનિર્ણય માટે નીચે મુજબના મુધ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૨૪/૦૬/૨૦૧૦ ના કલાક ૧૨:૩૦ વાગ્યે મોજે વિરમગામ ટાઉન મુનસર કબ્રસ્તાન નજીક ફરીયાદીનો દીકરો સાહેદ ઈમરાન કબ્રસ્તાનમાં ફુલ ચઢાવીને મોટરસાયકલ લઈ બહાર નીકળતો હતો તે વખતે કહેલ કે, તુ અહીંયા કેમ નીકળ્યો, તેમ કહી ઉશ્કેરાઈ જઈ આરોપી નં.૧ નાએ સાહેદ ઈમરાનને જમણા પગે લાકડીથી મુઢ માર મારી ઈજા કરી તથા આરોપી નં.૨ નાએ દંતાળીથી જમણા પગે ઈજા કરી ફ્રેકચર કરી તથા આરોપી નં.૩ ધારીયા વડે માથામાં જમણી બાજુ માર મારી લોહીની ફુટ કરી ગુનો કરવામાં એકબીજાએ મદદગારી કરી ગુનો કરી, આરોપીઓએ ઈન્ડીયન પીનલ કોડની કલમ ૩૨૬, ૩૨૫, ૧૧૪ મુજબનો ગુનો આરોપીઓએ કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૭)** આ કામે ઉપરોક્ત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ

(૮) આ કામે ઉપરના નિર્ણયો પર પહોંચવા માટેના મારા કારણો નીચે મુજબ છે.

(૮.૧) આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબીત કરવા માટે રજુ કરેલ પુરાવાઓ ધ્યાને લઇએ તો,આ કામે ફરીયાદપક્ષે સૌપ્રથમ આંક–૧૭ થી સાહેદ ઇમરાનભાઇ અલ્લાઉદ્દીનભાઇ બેલીમને તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે,તેઓ ૨૦૧૦ ની સાલમાં એલ.એસ.ટી.ની ગાડી ચલાવતો હતો. બનાવ ૨૦૧૦ની સાલમાં બનેલો. તેઓ બપોરના બારથી સાડા બારના સુમારે મુનસર તળાવ આવેલ વકીયર કબ્રસ્તાન ફુલ ચડાવવા ગયેલ અને ફુલ ચડાવી ફાતીયો પઢીને અને તેઓ બહાર આવી બાઇક ઉપર બેઠેલ હતા. તે વખતે ગયાભાઇ ભરવાડ અને વિક્રમભાઇ ભરવાડ પ્રથમ વખત તેમના હાથમાં કંઇ હતુ નહિ. ત્યારબાદ ફરી વખત તેમની નજર તેમની પાછળ જવા તેમના હાથમાં હથિયારો આવી ગયેલા. તેમાં ગયાભાઇ પાસે લાકડી હતી અને વિક્રમભાઇના હાથમાં દંતાળી હતી. તેમને ગયાભાઇ ભરવાડે જમણા પગના ભાગે લાકડી મારેલી. પછી તેમને વિક્રમે માથાના પાછળના ભાગે દંતાળી મારેલી. દસ મીનીટ બાદ વિક્રમના પિતા કાનાભાઇ ભરવાડ ત્યાં આવી ગયેલા અને તે લાપટ ઝાપટ કરવા લાગેલા અને મુઢ માર મારવા લાગેલા. તેમને માર વાગતા તેઓ પડી ગયેલા. તેઓ બેભાન થઇ ગયેલા , તેઓ ભાનમાં આવ્યા ત્યારે ભાગ્યોદય દવાખાનામાં હતા. તેઓ દશ થી બાર દિવસ દવાખાનામાં સારવાર માટે રહેલા અને વિંરમગામ ભાગ્યોદય દવાખાનામા થી ચાર દિવસ બાદ અમદાવાદ લઇ ગયેલા અને ત્યાંથી રીપોર્ટ કઢાવીને ફરીથી ભાગ્યોદયમાં દાખલ કરી દીધેલ. વધુમાં તેઓએ જણાવેલ છે કે, બનાવ બનવાનું કારણ અગાઉ તેમનું બાઇક વિક્રમને અડી ગયેલ. તે બાબતે અદાવત રાખી જોઇ લેવાનું જણાવેલ અને તેઓએ તે વખતે તેને તેનું નુકશાન ભરપાઇ કરી આપવાનું કહેલુ છતાં

અદાવત રાખીને તેમની સાથે ઝઘડો કરેલ છે. બનાવ બાબતે તેમના પિતાએ પોલીસમાં ફરીયાદ આપેલી. જેના અનુસંધાને પોલીસે તેમનો જવાબ લીધેલો.

સદર સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થનકારક હકીકત જણાવતા ન હોઈ વિ.એ.પી.પી.શ્રી નાઓએ તેઓને હોસ્ટાઇલ જાહેર કરેલ છે. વધુમાં સદર સાહેદની વિ.એ.પી.પી.શ્રીનાઓએ ઉલટતપાસ કરતાં તેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવની હકીકત જે પ્રમાણે બનેલી અને આરોપીઓએ તેમને જે ઈજા કરેલી તે પ્રમાણેની હકીકત તેમના પિતાને જણાવેલી. તેમના પિતાએ તે પ્રમાણે ફરીયાદ આપેલી. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ જે બનાવ બનેલો અને જે હથિયારોથી આરોપીઓએ તેમને ઈજા પહોંચાડેલી તે મુજબ પોલીસને તેમનું નિવેદન કીધેલુ તે મુજબ તેમનું નિવેદન લખી લીધેલુ. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ વખતે વિક્રમભાઇ ભરવાડના હાથમાં ધારીયુ અને કાનાભાઇના હાથમાં દંતાળી જેવા હથિયાર હતા. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, વિક્રમભાઇ ભરવાડે તેમના માથાના ભાગે ધારીયુ મારેલુ. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, લાકડી વડે તેમને ગચાભાઇએ શરીરે માર મારેલો. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ વાગવાથી નીચે પડી ગયેલ છતાં તેમને આરોપીએ હથિયારો વડે માર મારવાનું ચાલુ રાખેલુ. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ બુમાબુમ કરતાં બાજુમાંથી આવેલ ખેતરમાંથી તેમનો મિત્ર ચિરાગ ત્યાં ઘાસચારો લેવા આવેલ આસીબેન અનવરભાઈ આવી ગયેલ અને તેમને વધુ મારમાંથી છોડાવેલ. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ત્યારબાદ ત્રણેય આરોપીઓ જતા રહેલા અને આ લોકોએ શું કામ મારેલ છે તેવુ તેમનો મીત્ર ચિરાગ પુછતાં તેઓએ જણાવેલ કે આ લોકો સાથે મોટર સાયકલ ભટકાવાથી તેમને અદાવત રાખી માર મારેલ છે. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ તેમના મિત્રને તેમનું મોટર સાયકલ ચાલુ કરી દેવાનું કહેતા તેને તેમનું મોટર સાયકલ ચાલુ કરી આપેલ અને તેના ઉપર તેઓ બેસીને જતા હતા ત્યારે લાકડી બજાર આવતા તેમને ચકકર

આવતા પડી ગયેલ અને તે વખતે તેમનો મીત્ર લાલો ત્યાંથી પસાર થતાં તેમને જોઇ ગયેલ અને તેમને રીક્ષામાં બેસાડી દવાખાને લઇ ગયેલ. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ બુમાબુમ કરતાં તેમનો મીત્ર ચિરાગ અવી ગયેલ. તેણે તેમને પુછતાં તેઓએ ઝઘડાનું કારણ બતાવેલ ત્યારબાદ તેણે તેમને બાઇક ચાલુ કરી આપેલુ અને તે બાઇક લઇ લાકડી બજાર આવેલ અને ચકકર આવતા પડી જતા ત્યારબાદ લાલો તેમનો મીત્ર તેમને દવાખાને લઇ ગયેલ અને તે પહેલા તેઓ સંપુર્ણ સભાન અવસ્થામાં હતા. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ આરોપીઓને ઓળખે છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે, તેમને બનાવ વખતે જે હથિયારોથી ઇજા પહોંચાડવામાં આવે તો તે હથિયારો તેઓ ઓળખી શકતા નથી કારણ કે બનાવનો ઘણો સમય થઇ ગયેલ હોય ઓળખી શકતા નથી. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ તા.૨૪/૦૬/૨૦૧૦ ના ગુરૂવારના રોજ બનેલો અને બનાવ બારથી એક વાગ્યાના સમય દરમ્યાન બનેલો.

સદર ફરીયાદી સાહેદની ઉલટતપાસ આરોપી તરફે કરવામાં આવેલ છે. જેમાં મુખ્યત્વે તેઓએ એ હકીકતનો સ્વીકાર કરી જણાવેલ છે કે, આ બનાવ અંગે તેઓ પોલીસ સ્ટેશનમાં ગયેલ નથી. આ બનાવ અંગે પોલીસ તેમને બે ત્રણ વખત મળેલી છે બે વખત દવાખાને મળેલી અને એક વખત તેમના ઘરે આવેલા. બનાવ બાદ પોલીસ તેમના ઘરે શા માટે આવેલી અને કયારે આવેલી તે તેઓ કહી શકતા નથી. પોલીસે તેમનો જવાબ લીધેલો ત્યારે ડોકટરની પરમીશન લીધેલી કે કેમ તેની તેમને ખબર નથી. બનાવ ગુરૂવારનો ટાઇમ હતો અને બપોરે ૧૨ વાગ્યા જેવો બનેલો અને તે કયાં સુધી ચાલેલો તે ખબર નથી. બનાવ બન્યા બાદ ચિરાગભાઇએ તેમને બાઇક ચાલુ કરીને આપેલુ. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ નીકળેલ ત્યારે લાકડી બજારમાંથી નીકળેલ અને પ્રથમ ગોલવાડી પોલીસ ચોકી આવે છે. આ ગોલવાડી પોલીસ ચોકીએ તેઓએ ફરીયાદ આપવાની કોઇ કોશીશ કરેલી નહી. તેઓએ તેમના ભાઇને કહેલુ કે તેમને વાગેલ છે ફરીયાદ આપી આવો. તેમના ભાઇએ કેટલા વાગ્યે ફોન કરેલો તે તેઓ કહી

શકતા નથી. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમના ભાઈએ ફરીયાદી આપેલી નથી તેમના પિતાએ ફરીયાદ આપેલી છે. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ સમયે તેમના પિતા હાજર ન હતા. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ તેમના ભાઈને કહેલુ અને તેમના ભાઈએ તેમના પિતાને કહેલુ અને તેમના પિતાએ ફરીયાદ આપેલી. તેમના પિતાએ કેટલા વાગ્યે ફરીયાદ આપેલી તે તેઓ કહી શકતા નથી. વધુમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ દવાખાને પહોંચ્યા ત્યારે ભાનમાં હતા. સાહેદ હવે જણાવે છે કે, તેઓ થોડો ઘણો ભાનમાં હતો. ડોકટરે સારવાર કરતાં પહેલા તેમને બનાવ અંગે કોઈ ઈતિહાસ પુછેલા નથી. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ ડોકટરને કોઈ ભરવાડના નામ અને હાથમાં હથિયાર હોય તેવુ લખાવેલ નથી. ડોકટરે તેમની હાજરીમાં પોલીસ સ્ટેશને કોઈ વર્ધી નોંધાવેલી હોય તેની તેમને ખબર નથી. વધુમાં તેઓએ જણાવેલ છે કે, આરોપીઓને તેઓએ આશરે ૧૫૦ ફુટના અંતરેથી જોયેલા ત્યારે ગયાભાઈના હાથમાં દંતારી, વિક્રમભાઈના હાથમાં લાકડી હતી અને કાનાભાઈના હાથમા કઈ ન હતુ. વિક્રમભાઈના હાથમાં લાકડી ન હોય તેવુ બનેલુ નથી. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ આરોપીઓને હથિયાર સાથે આશરે ૧૫૦ ફુટ દુરથી જોયેલા છતાં તેઓ બાઈક ઉપર બેસી રહેલો અને તેઓએ નાસી જવાની કોઈ કોશીશ કરેલી નહી. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ તેમના પોલીસ જવાબ લખાવેલ નથી કે, 'તેઓ ભાનમાં આવ્યા ત્યારે ભાગ્યોદય દવાખાનામાં હતા' વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ બન્યા બાદ તેઓ બાઈક લઈને દવાખાને જવા નીકળેલા ત્યારે લાકડી બજારમાં તેઓ પડી ગયેલા. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, લાકડી બજારમાં તેઓ પડી ગયેલા ત્યાં તેમને વાગેલુ અને લોહી પણ પડેલુ.

(૮.૨) આ કામે ફરીયાદપક્ષે આંક- ૩૨ થી પંચ સાહેદ મકબુલશા અબીશા ફકીરને તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, આશરે પાંચેક વર્ષ અગાઉ પોલીસ વાડાના

કહેવાથી એક તૈયાર લખેલ પંચનામામાં તેઓએ સહી કરી આપેલ. તે પંચનામામાં શું લખવામાં આવેલ તેની તેમને ખબર નથી. તેઓને પંચનામાની ઝેરોક્ષ બતાવવામાં આવે છે. જેની ઉપર પંચ નં.૧ તરીકે તેઓ તેમની સહી ઓળખી બતાવે છે. જે પંચનામુ આ કામે આંક–૩૩ થી રજુ કરવામાં આવેલ છે.

સદર પંચ સાહેદ પંચનામાની હકીકતને સમર્થનકારક હકીકત જણાવતા ન હોઇ, વિ.એ.પી.પી.શ્રીએ તેઓને હોસ્ટાઇલ જાહેર કરેલ છે. ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રી નાઓએ તેઓની ઉલટતપાસ કરવાની પરવાનગી માંગતા તેઓને ઉલટતપાસ કરવાની પરવાનગી આપવામાં આવેલ છે, પરંતુ સદર પંચ સાહેદ તેઓની ઉલટતપાસમાં પણ પંચનામાની હકીકતને સમર્થનકારક હકીકત જણાવતા નથી.

સદર પંચ સાહેદની ઉલટતપાસ આરોપી તરફે કરવામાં આવેલ નથી.

(૮.૩) આ કામે ફરીયાદપક્ષે આંક– ૩૪ થી પંચ સાહેદ રફીકભાઈ અનવરભાઈ સીપાઇને તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, આશરે પાંચેક વર્ષ અગાઉ પોલીસવાડાના કહેવાથી એક તૈયાર લખેલ પંચનામામાં તેઓએ સહી કરી આપેલ તે પંચનામામાં શું લખવામાં આવેલ તેની તેમને ખબર નથી. તેમને પંચનામાની ઝેરોક્ષ બતાવવામાં આવે છે. આંક–૩૩ થી રજુ કરવામાં આવેલ પંચનામામાં પંચ નં.૨ તરીકે તેઓ તેમની સહી ઓળખી બતાવે છે.

સદર પંચ સાહેદ પંચનામાની હકીકતને સમર્થનકારક હકીકત જણાવતા ન હોઇ, વિ.એ.પી.પી.શ્રીએ તેઓને હોસ્ટાઇલ જાહેર કરેલ છે. ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રી નાઓએ તેઓની ઉલટતપાસ કરવાની પરવાનગી માંગતા તેઓને ઉલટતપાસ કરવાની પરવાનગી આપવામાં આવેલ છે, પરંતુ સદર પંચ સાહેદ તેઓની ઉલટતપાસમાં પણ પંચનામાની હકીકતને સમર્થનકારક હકીકત જણાવતા નથી.

સદર પંચ સાહેદની ઉલટતપાસ આરોપી તરફે કરવામાં આવેલ નથી.

(૮.૪) આ કામે ફરીયાદપક્ષે આંક– ૪૦ થી પંચ સાહેદ યોગેશ ભરતભાઇ સોલંકીને તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, તા.૦૧/૦૭/૨૦૧૦ ના રોજ તેઓ વિરમગામ ટાઉન પો.સ્ટે. આગળ ચાની કીટલી આગળ ઉભા હતા તે વખતે પોલીસે એક પંચનામામાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરી આપેલી. તે સીવાય બીજું કાંઇ જાણતા નથી. તેમને પંચનામાની ઝેરોક્ષ બતાવવામાં આવે છે. જેમાં પંચ નં.૨ તરીકે તેમની સહી છે. જે તેઓ ઓળખી બતાવે છે. જે આ કામે આંક– ૪૧ થી રજુ કરવામાં આવેલ છે.

સદર પંચ સાહેદ પંચનામાની હકીકતને સમર્થનકારક હકીકત જણાવતા ન હોઇ, વિ.એ.પી.પી.શ્રીએ તેઓને હોસ્ટાઇલ જાહેર કરેલ છે. ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રી નાઓએ તેઓની ઉલટતપાસ કરવાની પરવાનગી માંગતા તેઓને ઉલટતપાસ કરવાની પરવાનગી આપવામાં આવેલ છે, પરંતુ સદર પંચ સાહેદ તેઓની ઉલટતપાસમાં પણ પંચનામાની હકીકતને સમર્થનકારક હકીકત જણાવતા નથી.

સદર પંચ સાહેદની ઉલટતપાસ આરોપી તરફે કરવામાં આવેલ છે. જેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે તેમને તૈયાર પંચનામામાં સહી કર્યા સીવાય બીજી કોઇ હકીકતની જાત માહીતી નથી.

(૮.૫) આ કામે ફરીયાદપક્ષે આંક– ૫૫ થી સાહેદ ચિરાગભાઇ રમેશભાઇ કોળી પટેલ ને તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ બને આશરે ૪–૫ વર્ષ અગાઉ બનેલો. બનાવના દિવસે મુનસર રોડ, કબ્રસ્તાન પાછળ, રામજી મંદિર સામે તેમની ખેતીની વાડીમાં કામ કરતો હતો. તે વખતે શું બનાવ બનેલો તે તેમને ખબર નથી. આરોપીઓને તેઓ ઓળખતા નથી. પોલીસે ફકત તેમનું નામ સરનામુ પુછેલુ.

સદર પંચ સાહેદ પંચનામાની હકીકતને સમર્થનકારક હકીકત જણાવતા ન હોઇ, વિ.એ.પી.પી.શ્રીએ તેઓને હોસ્ટાઇલ જાહેર કરેલ છે. ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રી નાઓએ તેઓની ઉલટતપાસ કરવાની પરવાનગી

માંગતા તેઓને ઉલટતપાસ કરવાની પરવાનગી આપવામાં આવેલ છે, પરંતુ સદર પંચ સાહેદ તેઓની ઉલટતપાસમાં પણ પંચનામાની હકીકતને સમર્થનકારક હકીકત જણાવતા નથી.

સદર પંચ સાહેદની ઉલટતપાસ આરોપી તરફે કરવામાં આવેલ છે. જેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવની તેઓને કોઇ જાત માહીતી નથી.

(૮.૬) આ કામે ફરીયાદપક્ષે આંક– ૫૬ થી સાહેદ આશીબેન ઉર્ફે યાસ્મીનાબાનુ ચૌહાણને તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ આજથી આશરે ૧૦ એક વર્ષ અગાઉ બનેલો. બનાવના દિવસે તેઓ પોચીયાવાડવા કબ્રસ્તાન બાજુ ગયેલ હતી. તે વખતે હાલ કોર્ટમાં હાજર છે તે આરોપીઓ એક ભાઇને મારતા હતા, લોખંડની દંતાણીથી તેને મારતા હતા. તે વખતે બે જણા હતા, જે તેઓએ જોયેલુ. તે સીવાય બીજી તેઓને કંઇ ખબર નથી. પોલીસે તેમનું નિવેદન લીધેલુ.

સદર પંચ સાહેદ પંચનામાની હકીકતને સમર્થનકારક હકીકત જણાવતા ન હોઇ, વિ.એ.પી.પી.શ્રીએ તેઓને હોસ્ટાઇલ જાહેર કરેલ છે. ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રી નાઓએ તેઓની ઉલટતપાસ કરવાની પરવાનગી માંગતા તેઓને ઉલટતપાસ કરવાની પરવાનગી આપવામાં આવેલ છે, પરંતુ સદર પંચ સાહેદ તેઓની ઉલટતપાસમાં પણ પંચનામાની હકીકતને સમર્થનકારક હકીકત જણાવતા નથી.

સદર પંચ સાહેદની ઉલટતપાસ આરોપી તરફે કરવામાં આવેલ નથી.

(૮.૭) આ કામે ફરીયાદપક્ષે આંક–૬૦ થી સાહેદ મીનાબેન સુરેશભાઇ કોળીપટેલને તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ આશરે બારેક વર્ષ પહેલા બનેલો. બનાવના દિવસે તેઓ ઘરે હાજર હતી અને તેમને સુવાવડ હોઇ તેણી ઘરની બહાર નીકળી નહોતી. બનાવના દિવસે તેમને વાતોવાતોથી જાણવા મળેલ કે

તેમના ઘરની સામે આવેલ કબ્રસ્તાનમાં એક મુસ્લિમ કોમના છોકરાનો ભરવાડના માણસો સાથે ઝઘડો થયેલો અને તેમાં કોને વાગેલુ તેની તેમને કાંઇ ખબર નથી. પોલીસે તેમનો જવાબ લીધેલો.

સદર સાહેદ ફરીયાદ પક્ષના કેસની હકીકતને સમર્થનકારક હકીકત જણાવતા ન હોઇ, વિ.એ.પી.પી.શ્રીએ તેઓને હોસ્ટાઇલ જાહેર કરેલ છે. ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રી નાઓએ તેઓની ઉલટતપાસ કરવાની પરવાનગી માંગતા તેઓને ઉલટતપાસ કરવાની પરવાનગી આપવામાં આવેલ છે, પરંતુ સદર સાહેદ તેઓની ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપેલ નથી.

સદર સાહેદની ઉલટતપાસ આરોપી તરફે કરવામાં આવેલ છે. જેમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ સમયે તેણી તેના ઘરે હતી તેથી તેણી બનાવ વીશે કાંઇ જાણતી નથી.

(૮.૮) આ કામે ફરીયાદપક્ષે આંક-૬૪ થી સાહેદ લાલાભાઇ મેરૂભાઇ ઠાકોરને તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ આજથી આશરે નવ દસ વર્ષ અગાઉ બનેલો. એ દિવસે તેઓ મજુરી કરીને આવતા હતા અને લાકડી બજારમાં તેઓએ ઇમરાનને નીચે પડેલો જોયેલો અને તેના પગમાંથી અને શરીરેથી લોહી નીકળતુહ તુ. જેથી તેનું તેઓએ રીક્ષામાં વિરમગામ ભાગ્યોદય હોસ્પિટલમાં સારવાર માટે લઇ ગયેલ અને તેઓએ ઇમરાનના પિતા અને ભાઇને ફોન કરીને જાણ કરેલી. ત્યારબાદ તેમના ભાઇ અને પિતા આવેલા અને ત્યારબાદ તેઓ ત્યાંથી નીકળી ગયેલા. પોલીસે તેમનો જવાબ લીધેલો.

સદર સાહેદની ઉલટતપાસ આરોપી તરફે કરવામાં આવેલ નથી.

(૮.૯) આ કામે ફરીયાદપક્ષે આંક- ૭૧ થી તબીબ સાહેદ ર્ડા.પ્રકાશ શ્રીગોપાલ સારડાને તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, તેઓ તા.ર૪/૦૬/ર૦૧૦ના રોજ બપોરે ૦૧:૩૦ વાગ્યે ભાગ્યોદય હોસ્પિટલ ખાતે રફજ પર હતા ત્યારે દર્દી

ઈમરાનભાઈ અલાઉદદીનભાઈ સિપાઈ , ઉ.વ.૨૨, રહે.વિરમગામ સારવાર માટે આવ્યા હતા તેમણે આપેલ હિસ્ટ્રી પ્રમાણે તેમને સામાવાળા પક્ષે બપોરે સાડા બાર વાગ્યે તીક્ષ્ણ અને બોથડ હથિયારથી મુનસર દરવાજે વિરમગામ ખાતે માર્યા હતા. એમને તપાસતાં એમને નીચે મુજબની ઈજા જોવા મળી હતી. (૧) એમને જમણા પગે ૨.૫ x ૨x૨ સે.મી. નો ઘા જમણા પગે ઘુંટીથી ઉપર હતો.(૨) એમને ૮x૨x૧ સે.મી.નો ઘા જમણી સાઈડ ખોપરી ઉપર હતો. એમને જમણા પગનો એક્ષ-રે લેતાં એમના જમણા પગમાં ટીબીયા અને ફીબ્યુલા નામના હાડકામાં ફ્રેકચર હતુ. એમને અંદરના દર્દી તરીકે દાખલ કરી સારવાર આપવામાં આવી હતી. દર્દીને થયેલી ઈજાઓ ગંભીર પ્રકારની હતી. દર્દીને થયેલી ઈજાઓ દંતાણી, લાકડી અને ધારીયા જેવા હથિયારથી થાય તેવી હતી. તેઓએ આપેલ સારવારનું સર્ટીફીકેટ બતાવવામાં આવે છે તે જોઈને તેઓ કહે છે કે તે તેમના હસ્તાક્ષરમાં છે અને તેમની સહી છે. તે તેઓ ઓળખે છે તેમજ તેમની હોસ્પિટલનો સીકકો છે. જે આ કામે આંક-૭૨ થી રજુ કરવામાં આવેલ છે.

સદર સાહેદની ઉલટતપાસ આરોપી તરફે કરવામાં આવેલ છે. જેમાં મુખ્યત્વે તેઓએ એ હકીકતનો સ્વીકાર કરી જણાવેલ છે કે, તેમને આપેલ ઈતીહાસમાં કોઈ વ્યકિતનું નામ કે હથિયારનું વર્ણન જણાવેલ નહી. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, દર્દી પોલીસ યાદી સાથે આવેલા નથી. તેઓએ એક્ષ-રે ના ફોટા દર્દીને આપી દીધેલા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, એમ.એલ.સી. કેસમાં ઈજાનો રીપોર્ટ આપે છે કોઈ ફોટા પોલીસને આપતા નથી. એમ.એલ.સી.કેસની વર્ધી પોલીસ સ્ટેશનમાં કયારે નોંધાવેલી તે તેમને હાલ યાદ નથી. દર્દીને થયેલ ઈજા કપાયેલા ઘા હતા. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ જણાવેલી ઈજા નં.૨ જેવી ઈજા જો કોઈ વ્યકિત બાઈક લઈને જતો હોય અને પડી જાય પથ્થર સાથે માથુ ભટકાય તો થઈ શકે તેવો છે. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, દાંતી હથિયારના આગળનો ભાગ અણી વાળો હોય તો ભોકાયેલો ઘા થઈ શકે.

(૮.૧૦) આ કામે ફરીયાદપક્ષે આંક–૭૭ થી ત.ક.અ. સાહેદ આર.એમ.સરોદેને તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, સને–૨૦૧૦ ની સાલમાં તેઓ વિરમગામ ટાઉન પો.સ્ટે.માં પો.સ.ઈ. તરીકે ફરજ બજાવતા હતા. તે વખતે તા.૨૬/૦૬/૨૦૧૦ના વિરમગામ ટાઉન પો.સ્ટે. ફસ્ટ ગુના રજી.નં.૩૭/૧૦, ઈ.પી.કો.કલમ–૩૨૬,૩૨૫,૧૧૪ મુજબના ગુનહાની તપાસ તેઓ તરફ આવતા તેઓએ તપાસ સંભાળી લઈ તપાસના કામે ગુનહાવાળી જગ્યાનું પંચનામુ પંચોના લખાવ્યા મુજબનું લખી લઈ તેમાં તેમની રૂબરૂ તરીકે તેઓએ સહી કરેલી. તેમને આંક–૩૩ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે તે જોઈને કહે છે કે તેમાં તેમની સહી છે. જે તેઓ ઓળખી બતાવે છે. તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. જેમાં ઈજા પામનારનું નિવેદન પણ તેઓએ લીધેલુ. ત્યારબાદ વધુ તપાસ પો.સ.ઈ.વિરમગામ ટાઉન એ.જે.ચાવડા તરફ મોકલી આપેલી.

સદર સાહેદની ઉલટતપાસ આરોપી તરફે કરવામાં આવેલ છે. જેમાં મુખ્યત્વે તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ઈજા પામનારનું નિવેદન તેઓએ લીધેલુ. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ઈજા પામનારનાં નિવેદનમાં લખાવેલ નથી કે, '૧૨:૩૦ ના સુમારે મુનસર તળાવ પાસે તકીયામાં ફુલ ચઢાવવા ગયેલ અને ફુલ ચઢાવી બહાર આવેલો અને બાઈક ઉપર બેઠેલો તે વખતે ગફાભાઈ ભરવાડ અને વિક્રમ ભરવાડ હતા.' વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ઈજા પામનારના નિવેદનમાં લખાવેલ નથી કે, 'પ્રથમ વખત તેમના પાસે કાંઈ હતુ નહી ત્યારબાદ ફરી વખત મારી નજર પાછળ જતા તેમના હાથમાં હથિયાર આવી ગયેલા જેમાં ગફાભાઈ પાસે લાકડી અને વિક્રમભાઈ પાસે દંતાણી હતી.' વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ઈજા પામનારના નિવેદનમાં લખાવેલ નથી કે, ' મને ગફાભાઈ ભરવાડે હાથમાંની લાકડી જમણા પગના ભાગે મારેલી પછી મને વિક્રમે પાછળના ભાગે દંતાળી મારેલી.' વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ઈજા પામનારના નિવેદનમાં લખાવેલ નથી કે,' પછી દસ મીનીટ બાદ વિક્રમના પિતા કાનાભાઈ ભરવાડ આવી ગયેલા

અને મને મુઢ માર મારેલો.' વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ઈજા પામનારના નિવેદનમાં લખાવેલ નથી કે, ' મને માર વાગતા હું પડી ગયેલો અને બેભાન થઈ ગયેલો અને ભાના આવ્યુ ત્યારે હું ભાગ્યોદય હોસ્પિટલમાં હતો.' વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ઈજા પામનારના નિવેદનમાં લખાવેલ નથી કે, ' મને ભાગ્યોદય દવાખાનામાંથી અમદાવાદ રીપોર્ટ કઢાવવા લઈ ગયેલા.' વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલછે કે, ઈજા પામનારના નિવેદનમાં લખાવેલ નથી કે, ' અગાઉ મારુ બાઈક વિક્રમને અડીને ગયેલુ અને મે તેને નુકશાન ભરપાઈ કરવાનું કહેતા અદાવત રાખેલી.' વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરતાં લોહીના નિશાન મળી આવેલા નથી કે ત્યાંથી કોઈ ચીજવસ્તુઓ કબજે કરવામાં આવેલી નથી. વધુમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, લાકડી વાસનું જગ્યાનું પંચનામુ તેઓએ કરેલુ નથી.

તે મતલબના પુરાવાઓ રેકર્ડ પર આવેલ છે.

(૯) હવે આ કામે પડેલા પુરાવાઓની ચર્ચા કરીએ તો, હવે આ કામે આરોપીઓ સામે ઈન્ડીયન પીનલ કોડની કલમ ૩૨૬,૩૨૫,૧૧૪ મુજબનો ગુનો નોંધયેલ છે. કોઈપણ ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદપક્ષના શીરે રહે છે. એટલે કે, પોતાનો કેસ નિઃશંકપણે સાબિત કરવાની જવાબદારી ફરીયાદપક્ષની છે.ફોજદારી કાર્યવાહીમાં ફરીયાદપક્ષે સંભવીતતા દર્શાવવાની નથી પરંતુ આરોપી પર મુકવામાં આવેલ તહોમત શંકાથી પર સાબિત કરવાનું છે.આ કામે પુરાવાનો બોજો કયારેય આરોપી પર ખસતો નથી.ફોજદારી કાર્યવાહીમાં જો આરોપી કોઈ અપવાદોનો લાભ લેવા માંગતો હોય તો તેણે ઈન્ડીયન એવીડન્સ એકટની કલમ ૧૦૫ મુજબ સંભવીતતા દર્શાવવાની રહે છે. તે શંકાથી પર સાબિત કરવાની જરૂર નથી. સાબિત થયેલી હકીકતો કોને કહેવાય તે જોવામાં આવે તો, એક સામન્ય સમજણ ધરાવતી વ્યક્તિ જે સંજોગોમાં જે હકીકતોનું અસ્તિત્વ હોવાનું માને તો તેવી હકીકતોને સાબિત થયેલી ગણાય.

**(૧૦)** ઉપરોકત સિધ્ધાંતોને નજર સમક્ષ રાખી આ કામે પડેલાં પુરાવાઓની ચકાસણી કરવામાં આવે તો, આ કામે ફરીયાદપક્ષના સૌપ્રથમ ઇમરાનભાઇ અલ્લાઉદીન બેલીમને તપાસેલ છે જેઓ ઇજા પામનાર છે. તેઓ ફરીયાદપક્ષની હકીકતોને સ્પષ્ટપણે સમર્થન કરતા નથી પરંતુ તેઓ તેઓની સરતપાસમાં જણાવે છે કે '' **ગપાભાઇ ભરવાડ અને વિક્રમભાઇ ભરવાડ પ્રથમ વખતે તેમના હાથમા કાંઇ ન હતુ અને ત્યારબાદ ફરી વખતે મારી નજર તેમની પાછળ જતા તેમના હાથમાં હથિયારો આવી ગયેલા જેમા ગપાભાઇ પાસે લાકડી હતી, વિક્રમભાઇના હાથમાં દંતાણી હતી. મને ગપાભાઇએ જમણા પગના ભાગે લાકડી મારેલી, વિક્રમે માથાના પાછળના ભાગે દંતાણી મારેલી ત્યારબાદ વિક્રમના પિતા કાનાભાઇ ભરવાડ ત્યાં આવી ગયેલા અને લાપટ ઝાપટ કરવા લાગેલા અને મુઢ માર મારેલો જેથી હું પડી ગયેલો અને બેભાન થઇ ગયેલો''** તેમ જણાવે છે. હવે આ કામે ફરીયાદની હકીકતો ધ્યાનમાં લઇએ તો તેમા જણાવ્યા પ્રમાણે વિક્રમભાઇ હાથમાં ધારીયુ લઇને આવેલા તથા કાનાભાઇ ભરવાડ દંતાણી લઇને આવેલા અને ગપાભાઇ ભરવાડ લાકડી લઇને માર મારેલો તેમ જણાવે છે. અલબત આ કામે ફરીયાદી મરણ ગયેલા હોય તેઓને તપાસી શકાયેલ નથી અને ફરીયાદને તે કારણસર આંક પણ પડેલ નથી. આ સંજોગોમાં ફરીયાદની હકીકતોને ધ્યાનમાં લઇ શકાય નહી પરંતુ આ કામે ફરીયાદને આધારે ચાર્જશીટ કરેલ હોય અને તેના આધારે જ ચાર્જફ્રેમ કરેલ હોય તે હકીકતો ધ્યાનમાં લેતા, તેમાં વિક્રમભાઇના હાથમા ધારીયુ હતુ, કાનાભાઇના હાથમાં દંતાણી હતી અને ગપાભાઇના હાથમા લાકડી હતી. આમ ઇજા પામનાર અને ફરીયાદપક્ષની ફરીયાદ હકીકતો વચ્ચે કયા આરોપી પાસે કયું હથિયાર હતું તે અંગે મહત્વનો વિરોધાભાસ જણાઇ આવે છે. જેથી તે રીતે ફરીયાદપક્ષનો પુરાવો આધારભુત ગણી શકાય તેમ નથી. વધુમાં આ કામે સદર સાહેદ ફરીયાદપક્ષની હકીકતોને સમર્થન કરતા ન હોય તેઓને હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલા છે અને ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રીએ ઉલટતપાસ કરતા તેઓ ફરીયાદપક્ષની હકીકતો ખરી હોવાનો સ્વીકાર કરેલ છે પરંતુ સદર સાહેદ ફરી ગયેલા હોય ત્યારબાદ ઉલટતપાસમા ફરીયાદની હકીકતોને સમર્થન કરતા હોય માત્ર

તેઓના પુરાવાના આધારે આરોપીને દોષિત ઠરાવવા ન્યાયોચિત જણાતુ નથી. પરંતુ તેની સાથે અન્ય પુરાવા પણ ધ્યાનમાં લેવા જરૂરી જણાય છે. વધુમાં આ કામે ઈજા પામનારે જણાવેલ છે કે બનાવ બનતા બુમાબુમ થતાં ખેતરમાંથી તેઓના મિત્ર ચિરાગભાઈ આવી ગયેલા અને તેઓને વધુ માર માંથી છોડાવેલા. આમ તેઓ આ કામે બનાવ બનતો નજરે જોનાર સાહેદ છે જેને આ કામે ફરીયાદપક્ષે તપાસેલ છે. પરંતુ તેઓ ફરીયાદપક્ષની હકીકતોને લેશમાત્ર સમર્થન કરતા નથી અને તેઓને પણ હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે. આ સંજોગોમાં તે રીતે બનાવની હકીકતોને નજરે જોનાર સાહેદથી પણ સમર્થન મળી શકતુ નથી તેમજ આ કામે અન્ય નજરે જોનાર સાહેદ આશીબેન અનવરભાઈને આંક–૫૬ થી તપાસેલ છે. તેઓ જુબાનીમાં કોર્ટમા હાજર આરોપી એક ભાઈને લોખંડની દંતાણીથી મારતા હોવાનુ તેઓએ જોયેલ હોવાનુ જણાવે છે. પરંતુ તેઓ આ દંતાણી કોના હાથમા હતી, કોણે માર મારેલો તેવી કોઈ હકીકત જણાવતા નથી. તેમજ દંતાણી સીવાય અન્ય કોઈ હથિયારો અંગે પણ સદર સાહેદ કાંઈ જણાવતા નથી. આ સંજોગોમા સદર સાહેદ પણ વિશ્વાસપાત્ર સાહેદ જણાતા નથી. વધુમા આ કામે આગળ ચર્ચા કરીએ તો ઈજા પામનાર ઈમરાનભાઈની આગળ જુબાની જોતાં તેઓએ સરતપાસમા જ કબુલ કરેલ છે કે '' **મે મારા મિત્રને મારુ મો.સા. ચાલુ કરી દેવાનુ કહેતા તેણે મારુ મો.સા. ચાલુ કરી આપેલુ અને તેના પર બેસીને જતો હતો ત્યારે લાકડી બજાર આવતા તેઓને ચકકર આવતા તેઓ ત્યાં પડી ગયેલા અને તે વખતે તેમનો મિત્ર લાલો તેઓને જોતા તેમને રીક્ષામા બેસાડીને દવાખાને લઈ ગયેલો''** તેમ જુબાની આપેલ છે. વધુમાં આરોપીપક્ષે રજુઆત છે કે મેડીકલ સાહેદની જુબાની દરમ્યાન ડોકટર સાહેદે એવુ કબુલ કરેલ છે કે ઈજા પામનારને થયેલ ઈજાઓ પડી જવાથી પણ થઈ શકે તેવી હતી. હવે જયારે ઈજા પામનાર પોતે બનાવ બાદ લાકડી બજારમા બાઈક ઉપરથી પડી ગયેલા હોવાનુ જણાવે છે ત્યારે ઈજા પામનારને થયેલ ઈજાઓ અને ગંભીર ઈજાઓ આરોપીઓના માર મારવાથી થયેલ છે તે હકીકત ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબીત કરી શકેલ નથી. આમ તે રીતે ફરીયાદપક્ષનાં પુરાવાઓ અંગે વ્યાજબી શંકા પેદા થાય છે.

હવે આ કામે આગળ ચર્ચા કરીએ તો આ કામે ગુનાવાળી જગ્યાના પંચ તેમજ હથિયાર રીકવરી અને આરોપીની શરીરસ્થિતીના પંચ સાહેદો તપાસવામાં આવેલા છે પરંતુ આ પંચસાહેદો પણ પોતાના પંચનામાની હકીકતોને સમર્થન કરતા નથી અને તેઓ હોસ્ટાઇલ જાહેર થયેલા છે. જેથી તે રીતે પણ ફરીયાદપક્ષની હકીકતોને સમર્થન મળતુ નથી. વધુમાં આ કામે આગળ ચર્ચા કર્યા પ્રમાણે સાહેદ નં. ૧૦ મુમતાઝબેન તથા ફરીયાદી અલ્લાઉદીન સુલતાનભાઇ મરણ ગયેલ હોય તેઓને તપાસી શકાયેલ નથી. હવે આ કામે ફરીયાદપક્ષની ફરીયાદને અન્ય કોઇ રીતે પણ ઓળખી બતાવેલ નથી કે તેને આંક પણ અપાવેલ નથી. આ સંજોગોમાં મહત્વના સાહેદોને ફરીયાદપક્ષ તપાસવામાં નિષ્ફળ ગયેલ છે તેમજ મહત્વના દસ્તાવેજી પુરાવા આ કામે રેકર્ડ ઉપર આવતા નથી. જેથી તે રીતે પણ ફરીયાદપક્ષ પોતાની હકીકતો પણ સાબિત કરવામા સદંતર નિષ્ફળ ગયેલ હોય આરોપીઓને તે રીતે દોષિત ઠરાવી શકાય તેમ નથી.

વળી સદર કામે આંક–૭૧ થી ડોકટરને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમના પુરાવામાં તેઓએ ઇજા પામનારની તપાસ કરેલ હોવાની અને મેડીકલ સર્ટીફીકેટ આપેલ હોવાની હકીકત જણાવેલ છે. તેમજ દર્દીને થયેલ ઇજાઓ દંતાણી, લાકડી અને ધારીયા જેવા હથિયારથી થાય તેવી હતી તેવુ સરતપાસમાં જણાવે છે. પરંતુ સદર સાહેદે તેઓની આરોપીપક્ષની ઉલટતપાસમાં મેડીકલ સર્ટીફીકેટમાં હિસ્ટ્રીમાં આરોપીઓના નામ જાહેર કરેલ નથી અને હથિયારનુ વર્ણન જાહેર કરેલ નથી તેમજ ઇજા નં.૨ જેવી ઇજા જો કોઇ વ્યકિત બાઇક લઇને જતો હોય અને પડી જાય પથ્થર સાથે માથુ ભટકાય તો થઇ શકે તેવી છે તે હકીકતનો સ્વીકાર કરેલ છે. આમ, સદર સાહેદના પુરાવો જોઇએ તો કયા આરોપીએ કયા હથિયારથી ઇજા પામનારને માર મારેલ છે તેવી કોઇ હકીકત તેમના પુરાવામા જણાવતા નથી. વળી આ કામે રજુ કરવામાં આવેલ મેડીકલ સર્ટીફીકેટ જોવામાં આવે તો તેમા પણ કોઇ આરોપીના નામ જાહેર કરવામા આવેલ નથી કે કયા આરોપીએ કયા હથિયારથી માર મારેલ છે તેવી પણ કોઇ હકીકત તેમા જણાવેલ નથી. આમ ઇજા પામનારને આ કામના આરોપીઓ ધ્વારા જ દંતાણી, ધારીયુ, લાકડી

જેવા હથિયારોથી માર મારેલ હોવાની હકીકત સ્પષ્ટ રેકર્ડ ઉપર જણાઇ આવતી નથી. જેથી સદર સાહેદની જુબાની ઉપર આધાર રાખી આ કામના આરોપીઓને સદર ગુનાના કામે તકસીરવાન ઠરાવી શકાય નહી.

વળી સદર કામે ત.ક.અમલદારને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની જુબાનીમાં આંક–૩૩ વાળુ પંચનામુ કરેલ અને તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ હોવાનું તેમજ તપાસ દરમ્યાન આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલ હોવાની હકીકત જણાવેલ છે, જયારે સદર ત.ક.અમલદારે તેઓની આરોપી પક્ષે થયેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે ગુનાવાળી જગ્યાનુ પંચનામુ કરતા લોહી નીશાન મળી આવેલ નથી કે ત્યાંથી કોઇ ચીજવસ્તુઓ પણ કબજે કરવામા આવેલ નથી. સદર કામે તપાસ કરનાર અમલદારે ઈજા પામનારનુ નીવેદન લીધેલ પરંતુ તપાસ કરનાર અમલદાર ઉલટતપાસમા સ્વીકારે છે કે **''ઈજા પામનારે તેમના નીવેદનમા પ્રથમ વખત તેમના પાસે કાઈ ન હતુ ત્યારબાદ ફરી વખત મારી નજર પાછળ જતા તેમના હાથમા હથિયાર આવી ગયેલા જેમા ગપાભાઈ પાસે લાકડી અને વિક્રમભાઈ પાસે દંતાણી હતી તેમજ મને ગપાભાઈ ભરવાડે લાકડી જમણા પગના ભાગે મારેલી અને વિક્રમે પાછળના ભાગે દંતાણી મારેલી તેવુ લખાવેલ નથી''** તેમ જણાવે છે. આમ સદર તપાસ કરનાર અમલદારનો પુરાવો ધ્યાને લેતા હાલનો ગુનો આરોપીઓએ જ કરેલ છે તે બાબત નિઃશંકપણે ફરીયાદપક્ષ સાબીત કરી શકેલ નથી.

**(૧૧)** આમ ઉપર ચર્ચા કર્યા પ્રમાણે આ કામે આ કામના આરોપીઓએ તા.૨૪/૦૬/૨૦૧૦ ના કલાક ૧૨:૩૦ વાગ્યે મોજે વિરમગામ ટાઉન મુનસર કબ્રસ્તાન નજીક ફરીયાદીનો દીકરો સાહેદ ઇમરાન કબ્રસ્તાનમાં ફુલ ચઢાવીને મોટરસાયકલ લઇ બહાર નીકળતો હતો તે વખતે કહેલ કે, તુ અહીંયા કેમ નીકળ્યો, તેમ કહી ઉશ્કેરાઇ જઇ આરોપી નં.૧ નાએ સાહેદ ઇમરાનને જમણા પગે લાકડીથી મુઢ માર મારી ઈજા કરી તથા આરોપી નં.૨ નાએ દંતાળીથી જમણા પગે ઈજા કરી ફ્રેકચર કરી તથા આરોપી નં.૩ ધારીયા વડે માથામાં જમણી બાજુ માર મારી લોહીની ફુટ કરી ગુનો કરવામાં એકબીજાએ મદદગારી

કરી, **ઈ. પી. કો. કલમઃ–૩૨૬,૩૨૫,૧૧૪** મુજબનો ગુનો આરોપીઓએ કરેલ હોવાનું ફરીયાદપક્ષ શંકાથી પર સાબિત કરી શકેલ નથી.

**(૧૨)** હવે, ક્રિમીનલ જ્યુરીસ પ્રુડન્સનો સિધ્ધાંત છે કે, સો ગુનેગાર છુટી જાય પરંતુ એક નિર્દોષ વ્યકિતને સજા થવી જોઈએ નહિં. વધુમાં, ફરીયાદપક્ષે તેનો કેસ શંકાથી પર પુરવાર કરવાનો રહે છે અને જો તેમાં શંકા જણાય તો તેનો લાભ આરોપીને મળે છે આ સંબંધે નામદાર સુપ્રિમ કોર્ટના કૈલાસ ગોરના ચુકાદાને ધ્યાને લેવામાં આવેતો તેમાં પણ કેસ શંકાથી પર અને આરોપીએ જ તે ગુનો કરેલ છે તેમ પુરવાર થવુ જોઈએ. આ પ્રસ્થાપિત સિધ્ધાંત નામદાર સર્વાચ્ચ અદાલતે ''**કૈલાસ ગોર વિરુધ્ધ સ્ટેટ ઓફ આસામ**'' એ.આઈ.આર ૨૦૧૨ એસ.સી. પાના નં–૭૮૬ ના ચુકાદામાં પ્રતિપાદીત કરેલ છે તે સિધ્ધાંતો જોતા તેના પેરા–૨૮ માં ઠરાવેલ છે કે,

***"It is one of the fundamental principles of criminal jurisprudence that an accused is presumed to be innocent till he is proved to be guilty. <u>It is equally well settled that suspicion howsoever strong can never take the place of proof.</u> There is indeed a long distance between accused 'may have committed the offence' and 'must have committed the offence' which must be traversed by the prosecution by adducing reliable and cogent evidence. Presumption of innocence has been recognised as a human right which cannot be wished away. See Narendra Singh and Anr. v. State of M.P. (2004) 10 SCC 699 : (AIR 2004 SC 3249) and Ranjitsingh Brahmajeetsingh Sharma v. State of Maharashtra and Ors. (2005) 5 SCC 294 : (AIR 2005 SC 2277).***

***To the same effect is the decision of this Court in Ganesan v. Rama Raghuraman and Ors. (2011) 2 SCC 83 : (AIR 2011 SC (Cri) 419) where this Court observed: "Every accused is presumed to be innocent unless his guilt is proved. The Presumption of innocence is human right. Subject to the statutory exceptions, the said principle forms the basis of criminal jurisprudence in India."***

**(૧૩)** વધુમાં, ભારતમાં પ્રવર્તમાન ફોજદારી ન્યાયના સિધ્ધાંતો પ્રમાણે ફરીયાદપક્ષનો કેસ આરોપી વિરુધ્ધ નિઃશંકપણે પુરવાર કરવાનો હોય છે તથા વ્યાજબી શંકાનો લાભ આરોપીઓની તરફેણમાં આપવાનો હોય છે. હાથ ઉપરના કેસમાં પડેલ પુરાવો જોતાં ફરીયાદપક્ષનો કેસ વ્યાજબી શંકાથી પર કેસ પુરવાર થયેલ નથી. જેથી, ઉપરોક્ત કરેલ ચર્ચાના કારણો મુજબ આ કામના આરોપીને તકસીરવાન ઠરાવવાનું ન્યાયોચિત જણાતુ નથી

**(૧૩.૧)** આમ, ઉપરોકત તમામ કારણો જોતાં ફરિયાદપક્ષ આરોપી સામેના આક્ષેપયુકત અપરાધને શંકાથી પર પુરવાર કરી શકેલ નથી. આથી મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં આપવામાં આવે છે અને મુદ્દા નં.૨ અંગેનો નિર્ણય નીચે મુજબ કરવામાં આવે છે.

**<u>॥ આખરી હુકમ ॥</u>**

(૧) આ કામના આરોપી( **૧) ગપાભાઈ લક્ષ્મણભાઈ ભરવાડ તથા (૩) વિક્રમભાઇ કાનાભાઇ ભરવાડ, બંને રહે. મુનસર રોડ, જુના દાણાપીઠા, વિરમગામ.** ઓને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ–૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની–

**૩૨૬,૩૨૫,૧૧૪** મુજબના ગુનામાંથી પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીના અગાઉના જાતમુચરકા તથા જામીનખત રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામના આરોપીઓએ ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ–૪૩૭(એ) અન્વયે રૂા.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર) પુરાના જાતમુચરકા અને તેટલી જ રકમના સધ્ધર જામીન આ અદાલતમાં રજુ કરવા.

(૪) સદર કામે કબજે કરવામાં આવેલ બિન કિંમતી મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૮મી, માહે. માર્ચ, સને–૨૦૨૬ માં વાંચી, સંભળાવી/સહી કરી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા. ૧૮/૦૩/૨૦૨૬
વિરમગામ .

**( આર. બી. મારફતીયા)**
એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ
તા.વિરમગામ,જી.અમદાવાદ(ગ્રામ્ય)
Judge Code No. GJ00633